# કરીએ રાજી ઘનશ્યામ

## ભગવાન સ્વામિનારાયણના સંતકવિઓ રચિત ઉપદેશનાં પદોનો સંગ્રહ

**ટ્રેક ૧ પ્રસ્તાવના -** સાધુ નારાયણમુનિદાસ

**મંગલાચરણ**

વન્દે શ્રીપુરુષોત્તમં ચ પરમં ધામાક્ષરં જ્ઞાનદં
વન્દે પ્રાગજીભક્તમેવમનઘં બ્રહ્મસ્વરૂપં મુદા,
વન્દે યજ્ઞપુરુષદાસચરણં શ્રીયોગિરાજં તથા
વન્દે શ્રીપ્રમુખં મહન્તગુણિનં મોક્ષાય ભક્ત્યા સદા.

કવિઃ સાધુ વિવેકસાગરદાસ

ગાયકઃ સાધુ મધુરવદનદાસ અને ગાયકવૃંદ

**ટ્રેક ૨ આશીર્વાદ - મહંતસ્વામી મહારાજ**

## **ટ્રેક ૩ પૂર્વભૂમિકા – દોહ્યલું થાવું હરિદાસ રે સંતો –** સાધુ નારાયણમુનિદાસ

**પદ – ૧**

દોહ્યલું થાવું હરિદાસ રે, સંતો દોહ્યલું થાવું હરિદાસ;
જોઈએ તજવી તનસુખ આશ રે, સંતો દોહ્યલું થાવું હરિદાસ...
દોહ્યલું થાવું હરિદાસ. ટેક

શૂરો જેમ રણમાં લડવા, ધરે હૈયામાં અતિ હુલાસ;
પેટ કટારી મારી પગ પરઠે, તેને કેની રહી ત્રાસ રે. સંતો
દોહ્યલું થાવું હરિદાસ. ૧

કાયર મનમાં કરે મનસૂબા, રે'શું ઊભા આસપાસ;
એમ કરતાં જો ચડી ગયા ચોટે, તો તરત લેશું મુખે ઘાસ રે. સંતો
દોહ્યલું થાવું હરિદાસ. ૨

શૂરા સંતની રીત એક સરખી, કરવો વેરીનો વિનાશ;
કામ ક્રોધ લોભ મોહ જીતી, ભાવે ભજવા અવિનાશ રે. સંતો
દોહ્યલું થાવું હરિદાસ. ૩

એવા ભક્ત તે ભક્ત હરિના, તેહ સહે જગ ઉપહાસ;
નિષ્કુળાનંદ કહે તે વિના બીજા, તેનો નાવે (કેદી) વિશ્વાસ રે. સંતો
દોહ્યલું થાવું હરિદાસ. ૪

ગાયકોઃ સાધુ ગુરુદર્શનદાસ, સાધુ ગુરુનયનદાસ અને ગાયકવૃંદ

## શીદને રહીયે રે કંગાલ રે સંતો પદ – ૨

શીદને રહીએ રે કંગાલ રે, સંતો શીદને રહીએ રે કંગાલ;
જ્યારે મળ્યો મહા મોટો માલ રે, સંતો શીદને રહીએ કંગાલ.
શીદને રહીએ રે કંગાલ. ટેક

પૂરણ બ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક વાલ;
અમલ સહિત વાત ઓચરવી, માની મનમાં નિહાલ રે સંતો...
શીદને રહીએ રે કંગાલ. ૧

રાજાની રાણી ભમી ભીખ માગે, હાલે કંગાલને હાલ;
ઘર લજામણી રાણી જાણી રાજા, ખીજી પાડે વળી ખાલ રે... સંતો.
શીદને રહીએ રે કંગાલ. ૨

તેમ ભક્ત ભગવાનના થઈને રહે વિષયમાં બેહાલ,
તે તો પામર નર જાણવા પૂરા, હરિભક્તિની ધરી છે ઢાલ રે સંતો.
શીદને રહીએ રે કંગાલ. ૩

તન મન આશ તજી તુચ્છ જાણી, કાઢું સમજી એ સાલ;
નિષ્કુળાનંદ એ ભક્ત હરિના, બીજા બજારી બકાલ રે સંતો.
શીદને રહીએ રે કંગાલ.
જ્યારે મળ્યો મહા મોટો માલ રે, સંતો શીદને રહીએ કંગાલ.
શીદને રહીએ રે કંગાલ. ૪

ગાયકોઃ સાધુ ગુરદર્શનદાસ, સાધુ ગુરુનયનદાસ અને ગાયકવૃંદ

## કરીએ રાજી ઘનશ્યામ રે સંતો પદ – ૩

કરીએ રાજી ઘનશ્યામ, તો સરે સરવે કામ,
કરીએ રાજી ઘનશ્યામ રે, સંતો કરીએ રાજી ઘનશ્યામ;
તો સરે સરવે કામ રે, સંતો કરીએ રાજી ઘનશ્યામ.
કરીએ રાજી ઘનશ્યામ. ટેક

મરજી જોઈ મહારાજના મનની, એમ રહીએ આઠું જામ;
જે ન ગમે જગદીશને જાણો, તેનું ન પૂછીએ નામ રે સંતો...
કરીએ રાજી ઘનશ્યામ. ૧

તેમાં કષ્ટ આવે જો કાંઈક, સહીએ હૈયે કરી હામ;
અચળ અડગ રહીએ એક મને, તો પામીએ સુખ વિશ્રામ રે સંતો...
કરીએ રાજી ઘનશ્યામ. ૨

જુઓ રીત આગેના જનની, પામ્યા વિપત્તિ વિરામ;
જનમ થકી માનો મૂઆ સુધી, ઠરી બેઠા નહિ ઠામ રે સંતો...
કરીએ રાજી ઘનશ્યામ. ૩

એ તો દો'યલું સો'યલું છે આજ, તજિયે દોય દામ વામ;
નિષ્કુળાનંદ નિઃશંક થઈને, પામિયે હરિનું ધામ રે સંતો...
કરીએ રાજી ઘનશ્યામ. ૪
કરીએ રાજી ઘનશ્યામ, તો સરે સરવે કામ
કરીએ રાજી ઘનશ્યામ...

ગાયકઃ સાધુ પ્રેમવદનદાસ અને ગાયકવૃંદ

## ધીરજ સમ નહિ ધન રે સંતો પદ – ૪

ધીરજ સમ નહિ ધન રે, સંતો ધીરજ સમ નહિ ધન;
આવે અરથ દોહ્યલે દન રે, સંતો ધીરજ સમ નહિ ધન.
ધીરજ સમ નહિ ધન. ટેક

આલાપ

અતોલ દુઃખ પડે જ્યારે આવી, તે તો ન સહેવાય તન;
તેમાં કાયર થઈને કેદી, ન વદે દીન વચન રે સંતો...
ધીરજ સમ નહિ ધન. ૧

ધીરજવંતને આપે અત્યંત, દુઃખ બહુ દુરિજન;
તે તો સરવે સહે શરીરે, જાણી તે અજ્ઞ જન રે સંતો...
ધીરજ સમ નહિ ધન. ૨

ધીરજ ધારી રહે નરનારી, પામે તે સુખસદન;
કષ્ટ કાપવાનો એ છે કુહાડો, વાઢે વિપત્તિનાં વન રે સંતો.
ધીરજ સમ નહિ ધન. ૩

આગે સીતા કુંતા ને દ્રૌપદી, ધારી ધીરજ અતિ મન;
નિષ્કુળાનંદના નાથને કર્યા, પૂરણ એણે પ્રસન્ન રે સંતો... ૪
ધીરજ સમ નહિ ધન રે સંતો ધીરજ સમ નહિ ધન.
આવે અરથ દોહ્યલે દન રે સંતો ધીરજ સમ નહિ ધન.
ધીરજ સમ નહિ ધન... ધીરજ સમ નહિ ધન

ગાયકઃ સાધુ સારંગકીર્તનદાસ અને ગાયકવૃંદ

## **ટ્રેક ૪ સુખદાયક રે – પૂર્વભૂમિકા –** સાધુ નારાયણમુનિદાસ

**પદ ૧**

સંતસમાગમ કીજીએ
સુખદાયક રે (૨), સાચા સંતનો સંગ, સંતસમાગમ કીજીએ. ધ્રુવ.

જી રે સંતસમાગમથી ટળે (૨), આશા તૃષ્ણા રે (૨),
ઈર્ષ્યા અભિમાન, મોહ મત્સર મમતા બળે,
    પ્રગટે ઉરમાં રે (૨), પ્રભુનું દૃઢ જ્ઞાન. સંતસમાગમ કીજીએ. ૧.

    નારાયણ નારાયણ નારાયણ (૨)

જી રે સંતસમાગમથી થયા, મુનિ નારદ રે (૨),
હરિનું મન આપ, અનેક પતિત ઉદ્ધારિયા,
    તેના જશનો રે (૨), મોટો પરતાપ. સંતસમાગમ કીજીએ. ૨.

જી રે સિદ્ધ થયા સત્સંગથી (૨), શુક આદિક રે (૨),
મુનિવર સુખરૂપ, ચિત્ત ચોંટ્યું હરિચરણમાં,
    જાણ્યો સંતથી રે (૨), મોટો મરમ અનૂપ. સંતસમાગમ કીજીએ. ૩.

જી રે મહિમા મોટો છે મહંતનો, જેને સેવે રે (૨),
છૂટે માયાનું જાળ, પ્રીત વધે પરબ્રહ્મમાં,
    મુક્તાનંદ કહે રે (૨), તજી આળ પંપાળ. સંતસમાગમ કીજીએ.
                                        સંતસમાગમ કીજીએ
                        હાં સંતસમાગમ કીજીએ, સંતસમાગમ(૩) કીજીએ.

ગાયકઃ સાધુ મધુરકીર્તનદાસ અને ગાયકવૃંદ

## પદ ૨ બડભાગી રે પામે સંતનો સંગ

બડભાગી રે, પામે સંતનો સંગ

સંતથી મહાસુખ પામીએ. ટેક

જી રે સંત બડા પરમારથી (૨), ટાળે ઉરથી રે (૨),

અવિદ્યા અભિમાન, જન્મ સુફળ કરે જંતનો;

આપે અનુભવી રે (૨), પ્રભુ પ્રગટનું જ્ઞાન. સંતથી (૨) ૧

જી રે પ્રભુ સંગે પ્રીત વધારવા (૨), ફરે જગમાં રે (૪),

સાચા સંત સુજાણ, પરમાતમા પીછાણવા;

પરમારથી રે (૨), આપે પદ નિરવાણ. સંતથી (૨). ૨

જી રે સંતના જશ શ્રીમુખે કહ્યા (૨), ગીતા મધ્યે રે (૨),

ગોવિંદ સુખધામ, અનુભવી મારો આતમા,

ૐ જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્ મે મતમ્ (૨), અનુભવી મારો આતમા;

જેના મનથી રે (૨), ટળ્યા ક્રોધ ને કામ. સંતથી (૨). ૩

જી રે સંત વચન ભાવે સુણે – વાણી - જી રે સંત વચન ભાવે સુણે, તેનાં પાતક રે (૨),

પામે સરવે નાશ, પ્રીત વધે પરબ્રહ્મમાં;

મુક્તાનંદ કહે રે (૨), એડલિબ - પામે પદ અવિનાશ. સંતથી. ૪

ગાયક: સાધુ મધુરવદનદાસ અને ગાયકવૃંદ

## પદ ૩ સાચા સાધુ રે સુંદર ગુણધામ

સાચા સાધુ રે(૨), સુંદર ગુણધામ;
સમજીને સત્સંગ કીજીએ. સમજીને સત્સંગ કીજીએ(૨) ટેક

જી રે સંત સુલક્ષણના ભર્યા(૨), અવગુણનો રે(૨),
ઉરમાં નહિ લેશ, મહાનુભવી મુનિ તે ખરા;
આપે સહુને રે(૨), સાચો ઉપદેશ. સમજી. ૧

જી રે સંત સદા શીતળ રહે(૧-આલાપ-૧), ક્યારે ન તપે રે(૨),
કામ ક્રોધની ઝાળ, લોભ તજી હરિને ભજે;
ધારે ઉરમાં રે(૨), દ્રઢ કરી શ્રીગોપાળ. સમજી. ૨

હરિ ૐ(૪)

જી રે ત્રિભુવનની સંપત મળે(૨), તોય ન તજે રે(૨),
અર્ધ પળ હરિધ્યાન, બ્રહ્મરૂપ થઈ હરિને ભજે(૨);
એવા સંતને રે(૨), કીચ કનક સમાન. સમજી. ૩

જી રે એમ શુભ લક્ષણ ઓળખી(૨), સદા કરવી રે(૨),
હરિજનની સેવ, હરિ સમ હરિજન જાણવા;
ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ(૩) ૐ હરિ સમ હરિજન જાણવા,
મુક્તાનંદ કહે રે(૨), તે તરે તતખેવ. સમજીને સત્સંગ કીજીએ. ૪
સમજીને સત્સંગ કીજીએ(૨)

ગાયકોઃ સાધુ મધુરવદનદાસ, સાધુ સારંગકીર્તનદાસ અને ગાયકવૃંદ

## પદ - ૪ સદા કરવો રે હરિજનનો સંગ

સદા કરવો રે(૨), હરિજનનો સંગ;
દુર્લભ દર્શન સંતનાં. (૪) ટેક

આલાપ
જી રે સંત સભા મધ્યે શ્રીહરિ(૨), સદા રહે છે રે(૨),
વા'લો અક્ષરનાથ અડસઠ તીરથ જેના ચરણમાં;
એવા સંતથી રે(૨), વેગે થઈએ સનાથ. દુર્લભ(૨).૧

ૐ ગુરુહરયે નમઃ (૩) ૐ
જી રે સંત મળ્યા તેને હરિ મળ્યા(૨), એનો મહિમા રે(૩),
વદે વેદ પુરાણ, સાખ્ય પ્રગટ સંસારમાં;
શુક નારદ રે(૨), પામ્યા પદ નિરવાણ. દુર્લભ(૨). ૨

ૐ નમો ભગવતે વાસુદેવાય(૨) ૐ
જી રે સંત વચન સાચાં ગણી(૨), ગયો વનમાં રે(૨),
ધ્રુવ નાનકડો બાળ, પ્રગટ પ્રભુને તે પામિયો;
થયો અવિચળ રે(૨), જશ વાધ્યો વિશાળ... દુર્લભ(૨). ૩

જી રે એવું જાણી અહંતા તજી(૨), શુદ્ધ ભાવે રે(૪),
કરવી સંતની સેવ, મનુષ્યભાવ મનથી તજો;
મુક્તાનંદ કહે રે(૨), સાચા સંત છે દેવ... દુર્લભ. ૪

ગાયકોઃ સાધુ મધુરવદનદાસ, સાધુ મધુરકીર્તનદાસ અને ગાયકવૃંદ

**ટ્રેક ૫ પૂર્વભૂમિકા** – સાધુ નારાયણમુનિદાસ

## પદ - ૧ હરિગુણ ગાતાં દુરિજનિયાનો

હરિગુણ ગાતાં, દુરિજનિયાનો ધડક ન મનમાં ધારીએ; (૧-૧)
શિરને સાટે, શ્વાસોચ્છવાસે સુંદરવર સંભારીએ... (૧-૧) ટેક

જે સાચું સમરણ આદરે(૧-૧), તેનો મૂરખ માણસ દ્રોહ કરે(૧-૧);
તે ઊલટો નિજ શિર ભાર ભરે... હરિગુણ. ૧

જે સૂરજ સામી રજ નાખે(૧-૧), તે ઊલટી આવી પડે આંખે(૧-૧);
રવિ રોષ રાગ મન નવ રાખે... હરિગુણ. ૨

એમ સમજી મન દ્રઢ રાખીએ(૧-૧), મુખે કાયરતા નવ ભાખીએ(૧-૧);
આ તન પ્રભુ પર વારી નાખીએ... હરિગુણ. ૩

જે તન મન ધન હરિ ચરણે ધરે(૧-૧), તેની સુંદર શ્યામ સહાય કરે(૧-૧);
કહે મુક્તાનંદ તારે ને તરે... હરિગુણ. ૪

ગાયકોઃ સાધુ સૌમ્યકીર્તનદાસ અને ગાયકવૃંદ

## પદ – ૨ સરવે માન તજી શામળિયા સંગાથે

સરવે માન તજી શામળિયા સંગાથે મન દ્રઢ બાંધીએ;
તજી લોકલજ્જા, સાધુજન સંગાથે પ્રીતિ સાંધીએ... ટેક

જે સાધુજનનો સંગ કરે (૧-૧), તેના કામાદિક સંતાપ હરે (૧-૧);
તેનું મન લઈ મોહન ચરણે ધરે... સરવે. ૧

ધૂન સ્વામિનારાયણ નારાયણ નારાયણ

એમ હરિ ભજતાં મોટપ પામે (૧-૧), તેનાં જન્મ-મરણનાં દુઃખ વામે (૧-૧);
ફરી મન ન ચડે બીજે ભામે... સરવે. ૨

ધ્રુવ આદિ અચળ થયા હરિ સેવી(૧-૧), તેની શિખામણ મન ધારી લેવી(૧-૧);
ભક્તિ પણ કરવી તે જેવી... સરવે. ૩

દુરિજનના સંગથી દૂર રહીએ, હરિજનનો અવગુણ નવ લઈએ;
મુક્તાનંદ કહે દાસના દાસ થઈએ... સરવે. ૪

ગાયકોઃ સાધુ શોભિતસ્વરૂપદાસ અને ગાયકવૃંદ

## પદ – ૩ તન ધન જાતાં હરિજન હોય

તન ધન જાતાં, હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે(૧-૧);
જેમ નાર સતી, સરવે મમતા છોડી પતિ સંગે બળે. (૧-૧) ટેક

જુઓ પ્રહ્લાદે પણ નવ છોડ્યું, નિજ તાતતણું સગપણ ત્રોડ્યું(૧-૧);
દ્રઢ કરી મોહન સંગ મન જોડ્યું... તન. ૧

જુઓ હરિશ્ચંદ્રે હરિ નવ તજિયા(૧-૧), પર ઘેર વેચાઈ પ્રભુને ભજિયા(૧-૧);
ત્યારે મોહનના મનમાં રજિયા... તન. ૨

જુઓ બળીનું મન નવ હારિયું, ગુરુ વચન હ્રદે નવ ધારિયું(૧-૧);
તન મન ધન પ્રભુ પર વારિયું... તન. ૩

એવી દ્રઢતા ધારે તે મુખિયા, તે કોઈ કાળે નવ હોય દુઃખિયા;
કહે મુક્તાનંદ તે મહાસુખિયા... તન. ૪

ગાયકઃ પ્રણવમુનિદાસ અને ગાયકવૃંદ

## પદ – ૪ હરિજન થઈને હાણ વરધ

હરિજન થઈને, હાણ વરધ સુખ દુઃખ મનમાં નવ ધારીએ(૧-૧);
ટાળ્યા ન ટળે, ઘટ સાથે ઘડિયાં હિંમત નવ હારીએ... ટેક

જુઓ કદરજ મહાદુઃખિયા કા'વ્યા(૧-૧), તે સુખદુઃખ મનમાં નવ લાવ્યા(૧-૧);
ત્યારે મોહનના મનમાં ભાવ્યા... હરિજન. ૧

જુઓ વસુદેવ દેવકી બંધ રહ્યાં(૧-૧), બહુ કાળે બંધન દૂર થયાં;
હરિ પુત્ર તોય મહા દુઃખ સહ્યાં... હરિજન. ૨

જુઓ પાંડવ હરિને અતિ પ્યારા, જેથી પળ એક નાથ ન રહે ન્યારા.(૧-૧);
તે વન ભટક્યા લઈ સંગ દારા... હરિજન. ૩

એમ સમજી હરખ શોક તજીએ, થઈ એકમના પ્રભુને ભજીએ;
કહે મુક્તાનંદ હરિને રજીએ...
હરિજન થઈને(૨), હાણ-વરધ સુખદુઃખ મનમાં નવ ધારીએ (૩)

ગાયકોઃ સાધુ શોભિતસ્વરૂપદાસ, સાધુ સૌમ્યકીર્તનદાસ, સાધુ પ્રણવમુનિદાસ

અને ગાયકવૃંદ